# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/279 Dt. 03/01/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળે રીઘન ફેશન પ્રા.લિ.ની ઔદ્યોગિક મુલાકાત લીધી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત સ્થિત રીઘન ફેશન પ્રા.લિ. ખાતે ઔદ્યોગિક મુલાકાત લીધી હતી. રીઘન ફેશનના સંચાલક શ્રી દિનેશ ધનકાણી દ્વારા ચેમ્બરના પ્રતિનિધિ મંડળનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન શ્રી દિનેશ ધનકાણીએ રીઘન ફેશનની સ્થાપના, ઉત્પાદન પ્રક્રિયા, આધુનિક ટેકનોલોજી અને ગુણવત્તા નિયંત્રણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં નવીનતા, ડિઝાઇન ડેવલપમેન્ટ તથા સસ્ટેનેબલ પ્રેક્ટિસિસ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, રીઘન ફેશન પ્રા.લિ. સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગની શક્તિ અને વૈશ્વિક સ્તરે તેની પ્રતિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે. આધુનિક ટેકનોલોજી, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને નવીન અભિગમ દ્વારા રીઘન ફેશન ઉદ્યોગ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. આવી ઔદ્યોગિક મુલાકાતો દ્વારા ચેમ્બરના સભ્યોમાં જ્ઞાનનું આદાન–પ્રદાન થાય છે અને સ્થાનિક ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધામાં વધુ મજબૂતી મળે છે.